પાના :૧૬ કિંમત : રૂા.૫-૦૦ તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ સોમવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૭૯, શકે ૧૯૪૪, માગસર વદ-૪, વર્ષ: ૩૬, અંક: ૨૬૩ ▸ http://www.gujaratsamachar.com ▸ ટે.નં. ૨૪૬૨૩૨૪/૨૪૬૪૮૪૮ VADODARA

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, વુડા બિલ્ડીંગની બાજુમાં, લાયન સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા-૧૮.પો.બો.નં.૧૫ ▸ R.N.I.: 48392/88 1

વાંચન વિશેષ

બિઝનેસ plus

## રશિયાએ ઈરાનના કામિકેજ ડ્રોનથી કરેલા એટેકમાં યુક્રેનની પાવરગ્રીડ ઠપ, ઓડેસામાં ૧૫ લાખ લોકો અંધારપટમાં

# રશિયાના ડ્રોન હુમલામાં બખમુત - ઓડેસા શહેરો ખંડેર બન્યા

કીવ, તા.૧૧

યુક્રેન સામેનું યુદ્ધ લગભગ સાડા નવ મહિનાથી ચાલી રહ્યું છે ત્યારે રશિયાએ હવે આ વર્ષે સપ્ટેમ્બરના અંતમાં જે ચાર શહેરોના રશિયામાં વિલયની જાહેરાત કરી હતી તેના પર ફરીથી કબજો જમાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ સ્થિતિમાં રશિયાએ પૂર્વીય યુક્રેનમાં બખમુત અને દક્ષિણી યુક્રેનમાં ઓડેસા શહેરનો નાશ કરી દીધો છે. વધુમાં રશિયાએ યુક્રેનના અનેક શહેરોમાં કામિકેજ ડ્રોનથી હુમલો કર્યો છે. ઓડેસા શહેરમાં રશિયાના હુમલાના કારણે પાવરગ્રીડ ઠપ થઈ ગઈ છે અને ૧૫ લાખ લોકો અંધારપટમાં રહેવા મજબૂર થયા છે. આ સિવાય યુક્રેનના સૈન્યે દેશના અનેક ભાગોમાં મિસાઈલ, રોકેટ અને હવાઈ હુમલાની માહિતી આપી હતી.

## રશિયાએ યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૧,૦૦૦થી વધુ મિસાઈલાથી હુમલા કર્યા, બધા જ થર્મલ પાવર પ્લાન્ટ્સને ભારે નુકસાન થયું

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, રશિયા તેના સૈન્યના જોર પર મહિનાઓથી આ યુદ્ધને વિજયમાં ફેરવવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તેમણે એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે, યુક્રેનના બધા જ થર્મલ પાવર પ્લાન્ટ્સને ભારે નુકસાન થયું છે.

તેમણે ઉમેર્યું હતું કે, બખમુત, સોલેદર, મૈરિંકા, ક્રીમિયામાં રહેવા માટે કોઈ જગ્યા બચી નથી. દરેક મકાનો અને

### રશિયાએ ફરી એક વખત ડોનેત્સ્ક, લુહાંસ્ક, ઝૈપોરિજિયા, ખેરસોન પર કબજો જમાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું

ઈમારતોનો ગોળીબાર અને હુમલામાં નાશ થઈ ગયો છે. આ શહેરો ફરીથી રશિયાના નિશાના પર છે. આ શહેરો પર કબજો ધરાવનારાઓએ ખરા અર્થમાં બખમુતનો નાશ કરી દીધો છે. આ શહેર ડોનબાસમાં આવેલું છે, જેને રશિયન સૈન્યે સળગતા ખંડેરમાં ફેરવી નાંખ્યું છે.

એક અહેવાલ મુજબ રશિયન સૈન્યે મોસ્કો સમર્થિત અલગતાવાદીઓના પ્રભુત્વવાળા ચાર પ્રાંતો ડોનેત્સ્ક, લુહાંસ્ક, ઝૈપોરિજિયા અને ખેરસોન પર સપ્ટેમ્બરમાં કબજો જમાવ્યો હતો. ત્યાર પછી અલગતાવાદીઓ તરફથી કરાવાયેલા જનમત સંગ્રહ પછી રશિયન પ્રમુખ

પૂર્વીય યુક્રેનના ડોનેત્સ્ક અને લુહાંસ્ક પ્રાંતના અનેક સરહદીય શહેરોમાં સ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે, તેમાં ડોનબાસ પ્રાંતનો પણ સમાવેશ થાય છે, જે રશિયન સરહદ નજીકનું વિશાળ ઔદ્યોગિક શહેર છે. રશિયાએ ૧૦મી ઑક્ટોબરથી અત્યાર સુધીમાં યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અંદાજે ૧,૦૦૦થી વધુ મિસાઈલો અને ડ્રોન હુમલા કર્યા છે. રશિયન હુમલામાં

### પાવરગ્રીડ ફરી શરૂ થતાં ત્રણ મહિના લાગશે કાતિલ ઠંડીમાં લોકોની હાલાકી વધી

વ્લાદિમિર પુતિને આ પ્રાંતોનો રશિયામાં વિલય કરી દેવાની જાહેરાત કરી હતી. પરંતુ યુક્રેનના દળોએ થોડાક જ સમયમાં આ પ્રાંતો પર ફરીથી કબજો કરી લીધો હતો અને યુક્રેનનો ધ્વજ ફરકાવ્યો હતો.

એક રિપોર્ટમાં કહેવાયું છે કે રશિયા આ વિસ્તારો પર ફરીથી પોતાનું નિયંત્રણ કરવા સંઘર્ષ કરી રહ્યું છે જ્યારે યુક્રેન તેને પોતાની પાસે જાળવી રાખવા માટે અડગ છે. આ રિપોર્ટ મુજબ બખમુત શહેરમાં કેટલીક ઈમારતો હજુ ઊભી છે અને બાકી બચેલા રહેવાસીઓ રસ્તા પર ભટકી રહ્યા છે, પરંતુ મારિયુપોલ અને અન્ય શહેરોની જેમ અહીં લાંબી ઘેરાબંદી છે. ડોનેત્સ્કના ગવર્નર પાવલો કિરિલેંકોના જણાવ્યા મુજબ શહેરની ૭૦,૦૦૦થી વધુની વસતીના ૯૦ ટકા લોકો ૭ મહિના પહેલાં એ સમયે જ અહીંથી પલાયન કરી ગયા હતા જ્યારે મોસ્કોએ આખા ડોનબાસ પર કબજો જમાવવા ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

યુક્રેનના સૈન્ય જનરલ સ્ટાફે જણાવ્યું કે, શુક્રવાર અને શનિવારે સમગ્ર યુક્રેનમાં રશિયાએ અંદાજે ૨૦થી વધુ હવાઈ હુમલા કર્યા હતા અને ૬૦થી વધુ રોકેટ મારો કર્યો હતો. આ હુમલા બખમુત શહેરમાં ૨૦ ટકાથી વધુ વસતીવાળા સ્થળો પર કરાયા હતા.

બીજીબાજુ રશિયાએ ઈરાને પૂરા પાડેલા કામિકેજ ડ્રોનથી દક્ષિણ યુક્રેનના શહેર ઓડેસા પર હુમલા કર્યા હતા. આ હુમલામાં શહેરની પાવરગ્રીડને ભારે નુકસાન પહોંચ્યું હતું, જેને પગલે ૧૫ લાખ લોકો અંધારપટમાં રહેવા મજબૂર બન્યા હતા. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું કે તેમણે રશિયન હુમલા પછી ઓડેસાના પાવરગ્રીડ સંચાલકો સાથે વાત કરી હતી. આ ગ્રીડના સમારકામમાં ત્રણ મહિના જેટલો સમય લાગશે. ઉપપ્રમુખ કિરિલો ટિમોશેંકોએ કહ્યું કે ઓડેસામાં વીજળી સંકટના પગલે માત્ર હોસ્પિટલો અને પ્રસૂતિ વોર્ડની સાથે અનિવાર્ય સુવિધાઓને જ વીજળી અપાઈ રહી છે.



યુક્રેન પર રશિયાના આક્રમણને લગભગ ૧૦ મહિના જેટલો સમય થઈ ગયો છે ત્યારે રશિયાએ વધુ એક વખત યુક્રેન પર મિસાઈલ અને રોકેટ હુમલા વધાર્યા છે. રશિયાના સતત હુમલાઓના કારણે ડોનેત્સ્ક પ્રાંતમાં આવેલા બખમુત શહેરમાં દરેક ઈમારતો તૂટીને ખંડેર બની ગઈ છે. તસવીરમાં રશિયાના હુમલા પછી એક ઈમારતમાં લાગેલી આગ જોવા મળે છે.

## પોક્સો કાયદા મુજબ સહમતીથી સેક્સની લઘુતમ ઉંમર ૧૮ વર્ષ

# સહમતીથી સેક્સની ઉંમર ઘટાડવા વિચારવું જરૂરી : મુખ્ય ન્યાયાધીશ

નવી દિલ્હી, તા. ૧૧

હાલમાં દેશમાં પોક્સો કાયદામાં સહમતીથી શારીરિક સંબંધની જે વય નક્કી કરવામાં આવી છે તેની ચર્ચા થઈ રહી છે. ત્યારે દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડે પણ કહ્યું છે કે પ્રેમ સંબંધોમાં બંધાતા શારીરિક સંબંધોની ઉંમર ૧૮ વર્ષથી ઓછી રાખવા અંગે કાયદો ઘડનારાઓએ વિચારવું જોઈએ. પોક્સો કાયદાની જોગવાઈનો ઉલ્લેખ કરીને તેમણે આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે પોક્સો કાયદાની જોગવાઈ મુજબ ૧૮ વર્ષથી ઓછી વયના જો સહમતીથી પણ શારીરિક સંબંધ બાંધે તો તેને અપરાધ માનવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે કેટલાક નિર્દોશ લોકો પણ ફસાઈ શકે છે. તેથી તેનું નિરાકરણ લાવવા અંગે વિચારવું જોઈએ.

### ૧૮ વર્ષથી ઓછી વયનાના સહમતીથી સેક્સ સંબંધોના કેસોમાં ન્યાયાધીશો પણ મુંઝવણમાં મુકાય છે : સીજેઆઈ

પોક્સો કાયદા પર યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતી વખતે મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડે કહ્યું હતું કે તમે લોકો જાણો છો કે પોક્સો કાયદામાં ૧૮ વર્ષથી ઓછી વયના દરેક પ્રકારના શારીરિક સંબંધને અપરાધ માનવામાં આવે છે. જો પીડિતા અને આરોપીએ સહમતીથી સંબંધ બાંધ્યા હોય તો પણ કાયદા મુજબ તેને માન્યતા

### ૨૦૧૩માં યુપીએ સરકાર સહમતીથી સેક્સની વય ઘટાડી ૧૬વર્ષ કરવા માગતી હતી, ભાજપે વિરોધ કર્યો હતો

નથી આપવામાં આવતી અને તેની સહમતનો સ્વિકાર નથી કરવામાં આવતો. આ સાથે જ તેઓએ પોક્સો કાયદા હેઠળ દાખલ વિવિધ કેસોનો ઝડપથી નિકાલ લાવવા સરકારો દ્વારા પ્રયાસ કરવામાં આવે તેમજ આવા અપરાધમાં ફરિયાદો કરતા પરિવાર અચકાય નહીં તેમ પણ કહ્યું હતું.

કેટલીક કોર્ટમાં એવા પણ રેપના કેસ ચાલી રહ્યા છે જેમાં પીડિતા સગીર વયની

(અનુસંધાન ૧૩મે પાને)

## આઈટી નિયમ ૨૦૨૧ મુજબ કાર્યવાહી

# સરકારે ૬૭ અશ્લીલ વેબસાઈટો બ્લોક કરવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.૧૧

ભારત સરકારે અશ્લીલ વેબસાઈટો સામે લાલ આંખ કરી છે. આ વર્ષની શરૂઆતમાં ભારત સરકારે કોર્ટના નિર્ણય અને આઈટી નિયમોના ઉલ્લંઘન કરવા બદલ ઈન્ટરનેટ કંપનીઓને ૬૭ અશ્લીલ વેબસાઈટ બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો. ટેલિકોમ વિભાગે ઈન્ટરનેટ કંપનીઓને મોકલેલા એક ઈમેઈલમાં ૬૦ થી વધુ અશ્લીલ વેબસાઈટને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો.

### ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કાયદા મુજબ ૩થી પાંચ વર્ષની સજા થઈ શકે

પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ભારત સરકારના આઈટી મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આદેશ બાદ ૬૭ અશ્લીલ સામ્રગી પીરસતી વેબસાઈટને બ્લોક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આઈટી નિયમ ૨૦૨૧નો નિયમ ૩ (૨) (બી) કોઈપણ વ્યકિતને સામગ્રી મુદ્દે ફરિયાદ કરવાનો હક્ક આપે છે.

આ નિયમ મુજબ, કોઈપણ વ્યકિતને પૂર્ણ અથવા અર્ધ નગ્ન હાલતમાં દર્શાવતી સામગ્રી સામે જે તે વ્યકિત અથવા તેના નજીકની વ્યકિત દ્વારા ફરિયાદ કરાતા કાર્યવાહી કરવાની

(અનુસંધાન ૧૩મે પાને)

## ટાટા જૂથની એરલાઈન્સ અબજો ડોલરની ઐતિહાસિક સમજૂતી કરશે

# એર ઈન્ડિયા ટૂંક સમયમાં ૫૦૦ એરબસ અને બોઈંગ વિમાન ખરીદશે

નવી દિલ્હી, તા. ૧૧

ઉદ્યોગ જગત માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એર ઈન્ડિયાએ અબજો ડોલરની ઐતિહાસિક સમજૂતી કરી છે. મીડિયા રિપોર્ટ અનુસાર એર ઈન્ડિયો એરબસ અને બોઈંગની અબજો ડોલરના ૫૦૦ જેટ વિમાન ખરીદવાની ઐતિહાસિક સમજૂતી ટૂંક સમયમાં કરશે. એર ઈન્ડિયા આ સમજૂતીની ખૂબ જ નજીક પહોંચી ગઈ છે.

ટાટા જૂથની આ એક મહત્ત્વકાંક્ષી સમજૂતી છે. ટાટા જૂથ એર ઈન્ડિયાનું નવીનિકરણ કરવા માગે છે અને તેના

(અનુસંધાન ૧૩મે પાને)

### આ સમજૂતી ૧૦૦ અબજ ડોલરથી પણ વધુની હોવાની શક્યતા કોઈ પણ એરલાઈન્સનો અત્યાર સુધીનો સૌથી મોટો સોદો ગણાશે

## ચીનમાં કોરોનાના નવા કેસોની સંખ્યા વધીને ૧૦,૮૧૫

# ચીનમાં પ્રતિબંધો હટાવ્યા પછી કોરોનાના કેસો વધ્યા : આઈસીયુ બેડની સંખ્યા વધારાઈ

બેઈજિંગ, તા. ૧૧

કોરોનાના કેસોમાં વૃદ્ધિને ધ્યાનમાં રાખીને ચીનની હોસ્પિટલોમાં વ્યવસ્થા યોગ્ય કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે અને આઈસીયુ બેડની સંખ્યા વધારવામાં આવી રહી છે. આ વ્યવસ્થા વાયરસ વિરોધી પ્રતિબંધો પરત લેવામાં આવ્યા પછી કરવામાં આવી છે.

### ૬૫ વર્ષથી વધુ વયના લોકોને ખાસ કાળજી રાખવા સરકારના નિર્દેશ : ભારે દેખાવોને પગલે પ્રતિબંધો દૂર કરાયા હતાં

પ્રતિબંધોએ લોકોને ઘરમાં પુરાઈ રહેવા મજબૂર કરી દીધા હતાં અને આર્થિક વિકાસ પણ ધીમો કરી દીધો હતો અને તેના વિરોધમાં દેખાવો પણ થયા હતાં.

સરકારી મીડિયા અનુસાર મહામારીના કેસોમાં વૃદ્ધિને કારણે હોસ્પિટલમાં આઈસીયુ બેડ વધારવાના નિર્દેશ આપવામાં આવ્યા છે જેથી ઉત્પન્ન પરિસ્થિતિનો સામનો સરળતાથી કરી શકાય.ચીનમાં રવિવારે કોરોનાના ૧૦,૮૧૫ નવા કેસ નોંધવામાં આવ્યા હતાં. જેમાં ૮૪૭૭ કેસ લક્ષણો વગરના છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૬૫ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકોને ખાસ કાળજી રાખવા જણાવવામાં આવ્યું છે. હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે પ્રતિબંધો હટાવ્યા પછી કોરોનાના કેસોમાં કેટલો વધારો થયો છે. શાળાઓ અને કોલેજોમાં પણ કોરોનાના કેસો જોવા મળી રહ્યાં છે.

અનેક કર્મચારીઓ બિમાર થઈ જવાના કારણે રેસ્ટોરસન્ટ સહિતના વેપારી એકમો બંધ કરી દેવામાં આવ્યા હતાં.કોરોના પોઝિટીવ લોકોને ઘરમાં ક્વોરાઈન્ટેન કરવામાં આવી રહ્યાં છે.

## દિલ્હીની વાત

### બોમ્માઈના નિવેદનથી આઘાત

નવીદિલ્હી, તા.૧૧

કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ બેલગાંવ જિલ્લા અંગે મહારાષ્ટ્ર સરકાર સાથે ચાલી રહેલા સરહદ વિવાદ અંગે કરેલા નિવેદને ભાજપના નેતાઓને આઘાત આપી દીધો છે. બોમ્માઈએ કહ્યું કે, મહારાષ્ટ્રનું પ્રતિનિધિમંડળ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળીને રજૂઆત કરે તેનાથી કોઈ ફરક પડવાનો નથી કેમ કે અમારી સરકાર સરહદના મુદ્દા કોઈ સમાધાન કરવાની નથી.

બસવરાજ બોમ્માઈએ કહ્યું કે, મહારાષ્ટ્ર અગાઉ પણ આ પ્રયાસ કરી ચૂક્યું છે પણ કોઈ ફરક પડતો નથી. આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે ને અમે તેના ચુકાદાની રાહ જોઈ રહ્યા છીએ. બોમાઈએ કર્ણાટકના સંસદસભ્યોના

(અનુસંધાન ૧૩મે પાને)

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર વિરાર ફાટા પાસેની ઘટના

# વેનમાં ડ્રાઈવર-પ્રવાસીઓ દ્વારા મહિલાની છેડતી ૧૦ મહિનાની બાળકીને રસ્તા પર ફેંકતા મોત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૧

મુંબઈ- અમદાવાદ હાઈવે પર વિરાર ફાટા પાસે દોડતી વેનમાં ડ્રાઈવર અને સહપ્રવાસીઓએ એક ગૃહિણીનો વિનયભંગ કર્યો હતો અને મહિલાએ પ્રતિકાર કરતા તેની ૧૦ મહિનાની બાળકીને રસ્તા પર ફેંકી દીધી હતી. જેને કારણે ગંભીરપણે જખમી થયેલી બાળકીનું મૃત્યુ થયું હતું. જ્યારે મહિલાએ બચવા માટે વેનમાંથી કૂદકો મારી દીધો હતો. તેને પણ ઈજા થઈ હતી.

### પીડિતાએ પણ દોડતી ગાડીમાંથી કૂદકો માર્યો, ડ્રાઈવરની ધરપકડ

આ ચકચારજનક મામલામાં માંડવી પોલીસે કલમ ૩૦૨, ૩૫૪ હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસે વેનના ડ્રાઈવરની ધરપકડ કરી અન્ય આરોપીઓને પકડવા ચક્રોગતિમાન કર્યા છે.

પાલઘરના વાડા તાલુકામાં પિંપવાસ ખાતે રહેતી સંજના (નામ બદલ્યુ) પેલ્હાર ગઈ હતી. પછી ત્યાંથી વેનમાં પાછી આવી રહી હતી. આ ગૃહિણી સાથે તેની ૧૦ મહિનાની બાળકી પણ હતી. વિરાર ફાટા નજીક ગઈકાલે સવારે ૧૧.૩૦ વાગ્યે વેનમાં ડ્રાઈવર અને પાછળ સીટ પર બેસેલા પ્રવાસીઓએ સંજનાનો વિનયભંગ કર્યો હતો. પીડિત મહિલાએ આરોપ કર્યો હતો કે આરોપી પ્રવાસીએ તેના હાથમાંથી બાળકી ખેંચી લીધી હતી. તેમણે બાળકીને દોડતી વેનમાંથી બહાર રસ્તા પર ફેંકી દીધી હતી. આ કેસની તપાસ ક્રાઈમ

(અનુસંધાન ૧૩મે પાને)

## આસામમાં રૂ.૫૦ કરોડના ડ્રગ્સ સાથે પાંચની ધરપકડ

સિલચર, તા.૧૧

આસામના કચર જિલ્લામાંથી રૂપિયા ૫૦ કરોડના ડ્રગ્સ સાથે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી આસામ પોલીસે આપી હતી. તેમણે આસામ પોલીસના ડ્રગ્સ વિરોધી ઓપરેશન વિશે જાણકારી આપતા જણાવ્યું કે, પોલીસને આ વિશે ગુપ્ત માહિતી મળી હતી અને તેના આધારે સિલચર જિલ્લામાં બે ગાડીઓમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું હતું. બંને ગાડીઓમાંથી પ્રતિબંધિત બે લાખ યાબા ટેબલેટ ઝડપી લેવામાં આવી હતી. આ ટેબલેટની બજાર કિંમત રૂપિયા ૫૦ કરોડની આસપાસની છે. આ સાથે જ પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી હતી.

## બેધડક -મંજુલ




મેં પત્રકારના ક્વોટામાંથી શિમલા માટે ટિકિટ લીધી... પણ મને મળી અમદાવાદની !







